ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
SGCCI
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા : ૨૭/૧/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરમાં 'નેતાજી સુભાષચંદ્ર બોઝ – મારી દૃષ્ટિએ' વિશે ઇન્ટરેકટીવ સેશન યોજાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગત રોજ 'નેતાજી સુભાષચંદ્ર બોઝ – મારી દૃષ્ટિએ' વિષય ઉપર ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.સી.સી. અધિકારી તાલીમ એકેડમીના પૂર્વ વિદ્યાર્થી મેજર ઉન્મેશ પંડયાએ ભારતને સ્વતંત્રતા કેવી રીતે મળી શકી? તેના વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

મેજર ઉન્મેશ પંડયાએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે, નેતાજી સુભાષચંદ્ર બોઝ સ્વતંત્ર વીરોમાંથી એકમાત્ર એવા વીર હતા કે જે ગ્રેજ્યુએટ થયા હતા અને ત્યારબાદ તેમને આઇસીએસની પરીક્ષા પાસ કરી હતી. તેમના બાદ મહર્ષિ અરવિંદે આ પરીક્ષા પાસ કરી હતી. પરંતુ સુભાષચંદ્રએ અંગ્રેજ સરકારના કલેકટર બનવાની ના પાડી દીધી હતી અને દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુકત કરવાનો નિર્ધાર કર્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નેતાજી સુભાષચંદ્ર બોઝે વર્ષ ૧૯૩૮માં સુરતમાં ગોપીપુરા વિસ્તારની મુલાકાત લીધી હતી અને અહીં સ્વતંત્રતાનો ઝંડો ફરકાવ્યો હતો. સુરતની આ સભામાં નેતાજીને પોતાની પ્રવૃત્તિ માટે દંડ કરવામાં આવ્યો હતો. આથી તેઓ સુરતથી જ ભારતની બહાર જતા રહયા હતા અને ત્યારબાદ ભારત આવીને ડો. હેડગેવારને મળવા ગયા હતા, પરંતુ ડો. હેડગેવાર કોમામાં જતા રહયા હતા અને બીજા દિવસે તેમનું નિધન થયું હતું. ઘરે પહોંચેલા સુભાષચંદ્રને અંગ્રેજોએ ઘરમાં જ નજરકેદ કરી લીધા હતા. દેશને

અંગ્રેજોના ચુંગાલમાંથી મુક્ત કરવા માટે સુભાષચંદ્ર એક દિવસ ઘરેથી વેશ પલ્ટો કરીને નાસી ગયા હતા અને અંગ્રેજોની સાથે લડવા માટે પોતાનું સૈન્ય તૈયાર કર્યુ હતું.

મેજર ઉન્મેશ પંડયાએ કહયું હતું કે, નેતાજી સુભાષચંદ્ર ઇટલી થઇને જર્મની ગયા હતા અને ત્યાં 'આઝાદ હિન્દ ફૌઝ'ની રચના કરી હતી. ત્યારબાદ આક્રમણ કરીને નેતાજીની આઝાદ હિન્દ ફૌઝે અંદમાન નિકોબાર ઉપર વિજય હાંસલ કરી ૧૯૪૩માં પ્રથમ વખત સ્વતંત્રતાનો ઝંડો ફરકાવ્યો હતો. આઝાદ હિન્દ ફૌઝના ૫૬ હજાર સૈનિકોમાંથી ૨૮ હજાર સૈનિકો યુદ્ધમાં વીરગતિ પામ્યા હતા, જેની ઇતિહાસમાં નોંધ પણ લેવામાં આવી નથી. ૧૫ ઓગષ્ટ ૧૯૪૫ના રોજ સુભાષચંદ્રએ ભારતને સ્વતંત્રતા મળવાની જ છે તેમ કહી આઝાદ હિન્દ ફૌઝના વિસર્જનની જાહેરાત કરી હતી. ભારતની આઝાદી માટે બલિદાન આપનારા આ સૈનિકોને દેશવાસીઓએ ભૂલવું ન જોઇએ.

આ ઇન્ટરેકટીવ સેશનમાં ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. જ્યારે માનદ્ ખજાનચી મનિષ કાપડીયાએ પ્રાસંગિક વિધી કરી હતી. ચેમ્બરની એજ્યુકેશન એન્ડ એકેડેમિક કોર્સિસ કમિટીના ચેરમેન કિશોર વાઘેલાએ સમગ્ર સેશનનું સંચાલન કર્યુ હતું. અંતે અનંત દવેએ સર્વેનો આભાર માની સેશનનું સમાપન કર્યુ હતું.